# વીમેન આંત્રપ્રિન્યોરશીપને IITનો સહયોગ

**નવગુજરાત સમય > અમદાવાદ**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર ખાતે ગુરુવારે 'વીન્સ- વીમેન ઇન સ્ટાર્ટ અપ્સ'ની શરુઆત થઇ. જેમાં મહિલા પ્રોફેશનલ્સને એક મજબૂત નેટવર્ક ઊભું કરવામાં અને ઉદ્યોગને મદદ મળશે. તેના માટે મહિલા ઉદ્યોગ સાહસિકોએhttp://www.meetup.com/WinS-Women-in-Startups/. પર રજિસ્ટ્રેશન કરવું પડશે.

આ અંગે આઇઆઇટીના આઇપીએન્ડ આન્ત્રપ્રિન્યોરશીપ વિભાગના એડવાઇઝર ડૉ. હિરેન વેદમે જણાવ્યું કે, 'આજે ટેક્નોલોજીકલ ક્ષેત્રે આન્ત્રપ્રિનોરશિપમાં આગળ વધવું મહિલાઓ માટે એક પડકાર સમાન છે, ત્યારે વીન્સ એ મંચ પૂરો પાડશે.' કોઓર્ડિનેટર પ્રો. રશેલ શેલોમે જણાવ્યું હતું કે, 'આજે દુનિયાના અનેક દેશોમાં ઉત્પાદન ક્ષેત્રે મહિલાઓને યોગ્ય નથી માનવામાં આવતી, ત્યારે આ મંચથી તેમની ક્ષમતાઓને વધુ નીખારી શકાશે.'